## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે, બાજુમા ફોટામાં દર્શાવેલ ખ્રિસ્તી ફ્રાન્સિસ ફિલીપભાઈ અમો ફિલીપભાઈ ધનજીભાઈ ખ્રિસ્તી ના પુત્ર થાય છે. હાલમા ખ્રિસ્તી ફ્રાન્સિસ ફિલીપભાઈ અમોના કહયામાં નથી તેમજ ગુનાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલ હોય, તેઓ સાથે અમો ફિલીપભાઈ ધનજીભાઈ ખ્રિસ્તી નો કે અમારા પરિવારનો કોઈ પણ જાતનો સંબંધ કે કોઇપણ વ્યવહાર રહેલ નથી. ખ્રિસ્તી ફ્રાન્સિસ ફિલીપભાઈ કાયદા મુજબ અમોના કાયદેસરના વારસદાર છે પરંતુ તેઓ અમારા કહ્યામાં ન હોવાથી અમારી સ્થાવર તથા જંગમ મિલકતમાં ખ્રિસ્તી ફ્રાન્સિસ ફિલીપભાઈને કોઈપણ જાતનો લાગભાગ કે હકક હિસ્સામાંથી બેદખલ કરીએ છીએ. જેથી ખ્રિસ્તી ફ્રાન્સિસ ફિલીપભાઈ સાથે કોઇપણ વ્યક્તિ કે સંસ્થાએ કોઈપણ જાતનો નાણાંકીય કે કાયદાકીય વ્યવહાર કરવો નહી અને જો કરશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યકિત કે સંસ્થાની રહેશે અમો ફિલીપભાઈ ધનજીભાઈ ખ્રિસ્તીની તે અંગે કોઈ પણ જાતની જવાબદારી રહેશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી. (તા. ૧૪.૦૨.૨૦૨૪)

**મારી સુચનાથીઃ ફિલીપભાઈ ધનજીભાઈ ખ્રિસ્તી**

ઓફીસ : ૩૦૧, આર્શીવાદ કોર્નર, પોપટ મોહલ્લો, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧. મો. નં. : ૯૯૯૮૨ ૧૯૦૩૦

મારી મારફત **ગીતા જી. ભગત** એડવોકેટ એન્ડ નોટરી

## જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ, તાલુકા ચોર્યાસી ના **મોજે ગામ એકલેરા** માં આવેલ **બ્લોક નં.૩૨, રે.સ.નં.૧૨/૩,** ક્ષેત્રફળ હે.૦-૬૦-૭૧ ચો.મી., **ખાતા નં.૭૧,** આકાર રૂા.૫.૩૧ પૈસા છે તે ખેતીની જુની શરતની જમીન તથા **બ્લોક નં.૧૭૫ રે.સ.નં.૭૨,** ક્ષેત્રફળ હે.૧-૯૮-૧૧ ચો.મી., **ખાતા નં.૩૬૩** જેનો આકાર રૂા.૨૦.૭૫ પૈસા છે તે ખેતીની જુની શરતની જમીનમાં અમોના અસીલ **ફારૂક અબ્દુલ સલામ પટેલ**નો વણવહેંચાયેલો અવિભાજય હકક, હિત, હિસ્સો ચાલી આવેલ છે, જેથી સદર અમારી માલિકી, કબજા, ભોગવટા વાળી બન્ને જમીનો અંગે કોઈપણ વ્યકિતએ અમારા અન્ય સહમાલિકો સાથે ખરીદ - વેચાણને લગતા વ્યવહારો અમારી પરવાનગી વગર કરવા નહિ અને જો તેમ છતાં તેવા કોઈપણ વ્યવહારો કરવા-કરાવવામાં આવશે તો તેવી વ્યકિત સામે અમોના અસીલ રેવન્યુ, ફોજદારી તેમજ સીવીલ રાહે કાયદેસરની કાર્યવાહી કરશે, જેની ગંભીર નોંધ લેશોજી.

રહે.: આનંદ નગર, સણીયા હેમાદ, તા.ચોર્યાસી, જી.સુરત. મો.નં.:૯૯૨૫૪-૧૪૬૨૮

મારી મારફત **સંજય ડી. કંથારીયા** એડવોકેટ

## જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીક્ટ, સીટી સબ-ડિસ્ટ્રીક્ટ, મોજે ગામ: અડાજણના રે.સ.નં.: ૬૪૦ અન્વયે નોંધાયેલી મિલ્કત, જેનો ટી.પી. સ્કીમ નં.: ૧૨ (અડાજણ), ફા.પ્લોટ નં.: ૧૫૦ વાળી બિનખેતીની જમીન ઉપર ''પરમેશ્વર પાર્ક'' ના નામથી રહેણાંકના હેતુ માટે પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.: ૧, જેનું ક્ષેત્રફળ ૧૫૧.૩૪ સ.ચો.મી. છે. તે બાંધકામ સહિતની મિલ્કત તથા પ્લોટ નં.: ૨, જેનું ક્ષેત્રફળ ૯૦.૩૦ સ.ચો.મી. છે, તે બાંધકામ સહિતની મિલ્કત (૧) હેમંત બચુભાઈ મહેતા, (૨) દક્ષાબેન હેમંતકુમાર મહેતા, (૩) જેનીશ હેમંતકુમાર મહેતા તથા (૪) જીગર હેમંતકુમાર મહેતાનાઓની પોતાની સંયુક્ત-માલિકી, કબજા ભોગવટા હોવાની ચાલી આવેલ છે, તેવું જણાવી સદરહું મિલ્કત મારા અસીલને તમામ ટાઇટલ કલીયર અને માર્કેટેબલ ટાઇટલથી વેચાણ આપવા નક્કી કરેલ છે. જો સદર મિલ્કત અંગે કોઇપણ વ્યક્તિ, બેંક યા સંસ્થાનો કોઇપણ પ્રકારનો હક્ક-હિસ્સો, દર-દાવો, લાગ-ભાગ પણ અન્ય પ્રકારના કોઇપણ જાતના હક્ક કે અધિકાર સમાયેલ હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તે અંગેના લેખિત પુરાવાઓ સહિત હમારો રૂબરૂ સંપર્ક કરી તે અંગેના વાંધાઓ નોંધાવવા. સદર મુદ્દત દરમ્યાન કોઇના કોઇપણ પ્રકારના વાંધા-વિરોધ નોંધાવવામાં નહિં આવે તો મજકુર મિલ્કત અંગે કોઇના કોઇપણ પ્રકારના હક્કો રહેલ નથી અને હોય તો તે જતા કરેલ છે, તેમ સમાજી અમારા અસીલ મિલ્કતનો પુરેપુરો અવેજ ચૂકવી તેનો વેચાણ દસ્તાવેજ કરી લઈશું અને ત્યારબાદ, કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી, જેની આથી લાગતાં-વળગતાં તમામે નોંધ લેવી. અમારા અસીલની સૂચનાથી

તા ૧૩-૨-૨૦૨૪ ઠે: ૧/૬૪૦, નાનપુરા- ખારવાવાડ, સુરત. (મો.નં.: ૯૮૯૮-૮૦૬૨૯)

મારી મારફતે **ધર્મેશ કે. કતારીઆ** તે ખરીદનારના એડવોકેટ એન્ડ નોટરી

## -: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

આથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા તમામ ને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ ચોરાસી તાલુકાના, **મોજે ગામ ઓખા** ના રેવન્યુ સર્વે નં. ૫/૨/૨, જેનો **બ્લોક નં. ૧૩૬/૧** થી નોંધાયેલી **જુની શરતની** ખેતીની જમીન, કે જેનું રેવન્યુ રેકર્ડ મુજબનું કુલ ક્ષેત્રફળ હે. ૦-૮૮-૨૮ ચો.મીટર યાને ૮,૮૨૮ ચો.મીટર વાળી ખેતીની જમીનના માલિક, મુખત્યાર અને કબજેદાર તરીકે **(૧) બચુભાઈ બેચરભાઈ જાવીયા, (૨) અતિક કલ્પેશભાઈ શેઠ, (૩) અંકિત હસમુખભાઈ પટેલ, (૪) નિલય કમલેશકુમાર પટેલ, (૫) મિહિરકુમાર કમલેશકુમાર પટેલ, (૬) મોહમદ આસીફ મસ્તફા મલેક** ચાલી આવેલ છે. સદરહુ જમીન પોતાની સ્વતંત્ર માલિકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી તેઓએ સદરહુ જમીન ના ટાઇટલ સંપૂર્ણ રીતે કલીયર હોવાનું જણાવી અમારા અસીલ ને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનના વેચાણ અંગે જે કોઈ ઈસમો, બેંક કે સંસ્થાનો કોઈપણ જાતનો વાંધો, વિરોધ, હરકત, અટકાયત, બોજો, લાગ-ભાગ, દર-દાવો, ખાધાખોરાકી-પોષાકીનો હકક, હિત, હિસ્સો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં અમોને જાણ કરવી, જો તેવું કાંઈ માલુમ પડશે નહી તો તે અંગે પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી અને તેવા તમામ હકકો છોડી દિધેલા ગણી યાને કોઈનો કોઈપણ જાતનો હકક, હિસ્સો નથી યાને જતો કરેલ છે. તેમ સમજી સદરહુ જમીનના વેચાણ અંગેના લખાણો તથા વેચાણ વ્યવહાર કરી-કરાવી લેશે. જેની લાગતા વળગતા તમામે યાને જાહેર જનતાએ નોંધ લેવી.

૪૦૩, ઝીરકોન પ્લસ, પટેલ સમાજની વાડી સામે, અંબાતલાવડી, કતારગામ, સુરત-૦૪ મો. ૯૮૨૪૮૮૨૭૮૫, ૯૫૭૪૬૩૮૦૦૦

અસીલની સુચના અને ફરમાઈશથી **વિનોદરાય ડી. પટેલ** (એડવોકેટ)

## જનરલ પાવર ઓફ એટોર્ની રદ કરવા અંગે જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ મજુરા ના મોજે ગામ ભીમપોરના રે.સ.નં. / બ્લોક નં.૬૫ પૈકી ૨ થી નોંધાયેલ ખેડ ખાતાની જુની શરતની ખેતીની જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૩૫-૦૦ સ.ચો.મી. ચાલી આવેલ છે તે જમીન કે જેનો આકાર રૂા.૧૫.૦૦ પૈસા (ખાતા નં.૯૩) છે તે ખેતીની જમીનમાં ચાલી આવેલ (૧) ઈન્દુબેન તે ચંદ્રહાસ પરસોત્તમભાઈની વિધવા (૨) વૈશાલીબેન ચંદ્રહાસ (૩) વંદનાબેન ચંદ્રહાસ (૪) વિક્રમભાઈ ચંદ્રહાસ નાઓના વણવહેંચાયેલા અવિભાજય હકક, હિત, હિસ્સાની આશરે ૧-૦૮-૦૦ સ.ચો.મી. વાળી ખેતીની જમીન અંગે એક શ્રી **ભાવેશભાઈ ચતુરભાઈ રામોલીયા** રહે.: ૪૦૨, લક્ષ્મી વિલાસ કોમ્પ્લેક્ષ, કોટક બેંકની બાજુમાં, ધોડદોડ રોડ, સુરત નાને તા.૧૦/૧૦/૨૦૧૬ ના રોજ નોટરી પબ્લીક મહેન્દ્રકુમાર આઈ. ભગત રૂબરૂ અનુક્રમ નં.૧૭૮૦/૨૦૧૬ થી નોંધાયેલ જનરલ પાવર ઓફ એટર્નીનો લેખ ના આધારે રેવન્યુ રેકર્ડમાં ખામી દુર કરવા અંગે કરી આપવામાં આવેલો તે સિવાય અન્ય કોઈપણ પ્રકારની કામગીરી અંગે પાવર ઓફ એટર્ની આપવામાં આવેલ ન હતો અને **ભાવેશભાઈ ચતુરભાઈ રામોલીયા** ને પાવર ઓફ એટોર્ની લખી આપ્યા બાદ **વિક્રમભાઈ ચંદ્રહાસ** નાઓનું ગત તા.૧૭/૦૮/૨૦૧૭ ના રોજ અવસાન થયેલ હોય તેમજ સદરહુ પાવર ઓફ એટોર્નીના લેખના આધારે સદરહુ જમીનના ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં કોઈપણ જાતની ખામી દુર કરેલ નથી કે તે દુર કરવા અંગે કોઈ કામગીરી કરેલ નથી. જેથી સદર લેખ આજરોજ આ જાહેર નોટીસથી રદ કરવામાં આવે છે જેની લાગતા વળગતા તેમજ જાહેરે નોંધ લેવી.

સદર જનરલ પાવર ઓફ એટર્નીના આધારે આજરોજ પછી ભાવેશભાઈ ચતુરભાઈ રામોલીયા ધ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી ઉપરોકત જણાવેલ સર્વે નંબર વાળી જમીન અંગે રેવન્યુ રેકર્ડમાં કોઈપણ પ્રકારની કામગીરી કરવા-કરાવવામાં આવશે તો તે અંગે હમો પાવર આપનારાઓની કોઈ જવાબદારી થશે નહી. જેની જાહેર જનતાએ તથા લાગતા/વળગતા સર્વેએ નોંધ લેવી.

મારી મારફત - **દિપેશ દલાલ** - એડવોકેટ

ઓફિસ : ૧૦૧, સાંઈ રૂદ્ર પેલેસ, ગોર્વધન એપાર્ટમેન્ટની પાછળ, ગોધા સ્ટ્રીટ, નાનપુરા, સુરત. મો.નં.: ૯૮૨૫૧-૨૩૦૪૬

## જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, સબ ડિસ્ટ્રીકટ તાલુકો : **ઓલપાડ** ના મોજે ગામ : **ઓરમા** ના **બ્લોક નં. ૨૩૬** થી નોંધાયેલી બીનખેતી પ્રિપાત્ર જમીન કે જેનું ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ **૪૦૦૬૪ ચો.મી.** જેનો **ખાતા નંબર : ૧૫૬૫** વાળી જમીનના માલિક ૭/૧૨ મુજબ **(૧) જગદીશભાઈ થોભણભાઈ કળથીયા (૨) બાબુભાઈ માધાભાઈ સવાણી (૩) પ્રવિણભાઈ માધવજીભાઈ ઉર્ફે માધાભાઈ સવાણી (૪) રિન્કેશકુમાર પ્રાગજીભાઈ ધામેલીયા (૫) સુમિતા ધનજીભાઈ પટેલ** ની પોતાની સંયુકત સ્વતંત્ર માલિકી કબજા, ભોગવટા હેઠળની તથા તમામ ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી અમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણથી આપવાનું નકકી કરેલ છે. સદરહુ મિલકતમાં કોઈપણ વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક કે અન્ય કોઈ નો કોઈપણ જાતનો હકક હિત હિસ્સો લાગભાગ, અલાખો, અધિકાર, લીઝ પેન્ડનસ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દરદાવો, કબજો, સાટાખત, બાનાખત, વારશાઈ હકક વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહિત **દિન-૭** માં નીચે દર્શાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થયેથી સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હકક-હિત-હિસ્સો, દરદાવો અથવા વાંધો-વિરોધ નથી અને જો હોય તો તે જતો યાને '' **વેવ** '' કર્યો છે. તેવું ગણી લઈ અમારા અસીલ તેઓના લાભમાં ઉપરોકત માલિકો કબજેદારો પાસેથી મજકુર જમીનનો પાકો રજી. વેચાણ દસ્તાવેજ કે અન્ય લખાણો કરાવી લેશે અને ત્યારબાદ ભવિષ્યમાં તે અંગે કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો, વિરોધ, દર-દાવો, વિગેરે ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસ : ૨૦૧, ૨૦૨, રાધેશ્યામ શોપીંગ સેન્ટર, સોનાણી દાંતના દવાખાનાની ઉપર, સીંગણપોર ચાર રસ્તા, વેડરોડ, સુરત - ૩૯૫ ૦૦૪. મો. ૯૩૭૭૭ ૨૭૧૫૩

અસીલની ફરમાઈશ તથા સુચના અન્વયે **મેહુલ બી. સોનાણી** તે ખરીદનારના એડવોકેટ

# જામનગરમાં 14.12 કરોડોની જીએસટી ચોરી, બેની ધરપકડ

ગાંધીનગરઃ જામનગરમાં બ્રાસની કોમોડિટી સાથે સંકળાયેલાં બે એકમ ઉપર જીએસટી વિભાગે સર્ચ હાથ ધરી તપાસ કરતાં 14.12 કરોડની વેરાશાખની ચોરી બહાર આવતાં બંને પેઢીના માલિકો સ્મિત દિપેન શાહ અને દીપેન ચંપકલાલ શાહની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી બે દિવસનાં રિમાન્ડ મેળવ્યા હતા. આ એકમોએ બોગસ પેઢીઓ પાસેથી ખરીદી દર્શાવી ખોટી વેરાશાખ મેળવી ભરવાપાત્ર વેરાની રકમ સામે વેરાશાખ મજરે મેળવી ખૂબ ઓછો વેરો જમા કરાવી સરકારને નાણાકીય નુકસાન પહોંચાડ્યું હતું. આ બંને એકમો દ્વારા 78.50 કરોડની ખરીદી બતાવી રૂ.14.12 કરોડની મળવાપાત્ર હોય તેવી વેરાશાખ મેળવી હતી. જે જીએસટી કાયદા હેઠળ ગુનો બનતો હોવાથી આ બે પેઢીના માલિકોના રિમાન્ડ મેળવાયા છે.

## અખંડ આનંદ કો.ઓ.ક્રેડિટ સોસાયટી લિ.

૫૮, પ્રણામી શોપીંગ સેન્ટર, મોતી ડાંઇગ સામે, વેડરોડ, સુરત-૪

-: નવા શેર સર્ટીફિકેટ અંગેની જાહેરાત :-

સોસાયટીના તમામ સભાસદોને જણાવવાનું કે સંસ્થાના નવા શેર સર્ટીફિકેટ આપવાના હોવાથી સભાસદોએ પોતાના જૂના શેરસર્ટીફિકેટ તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીમાં ઓફિસમાં જમા કરાવી દેવા.

સતિષભાઈ કે. પટેલ પ્રમુખશ્રી — લિ. દિનેશભાઈ એમ. પટેલ માનદ્મંત્રીશ્રી

SUCI Paediatric & Adult Dental Clinic

જોબ માટે **ડેન્ટલ આસિસ્ટન્ટ** જોઈએ છે

મુલાકાત સમય : સાંજે 6 થી 7

યુજી-129, હેપ્પી હોલમાર્ક શોપર્સ વેસુ, સુરત.

સંપર્ક 9898706704

## :: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

ભરૂચ ડિસ્ટીકટ, હાંસોટ સબ ડિસ્ટ્રીકટના **મોજે ગામ વઘવાણ** ના **બ્લોક નં.૩૭, જુનો બ્લોક/સર્વે નં ૭૬ અ, ખાતા નઃ ૪૧૭,** જેનું કુલ ક્ષેત્રફળ સુમારે ૦-૩૬-૫૩ હે.આરે. ચો.મી. આકાર રૂા. ૧.૯૫ વાળી બિન ખેતી પ્રિમીયમ ને પાત્ર ખેતીની જમીન **ઇશ્વરભાઇ રતનજીભાઇ** નાઓ પોતે માલીક કબજેદાર અને ધારણકર્તા તથા ટાઈટલ કલીયર હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ તબદીલ કરવા માટે નક્કી કરેલ છે.જેથી સદર જમીનો અંગે કોઈ પણ વ્યક્તિનો, સંસ્થાનો, પેઢીનો, સરકારી-અર્ધસરકારી બેંકોનો કોઈ પણ જાતનો હકક, હિસ્સો, લાગભાગ, દરદાવી હોય તથા ગણોતિયાના હકકો હોય તથા ઈઝમેન્ટના હકકો હોય તથા કોઈના સાટાખત કરારના હકકો હોય તો તેઓ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે હમોને સંપર્ક કરવો. જો તેમ કરવામાં ચુક થશે તો સદરહુ જમીનમાં હકક,હીત,સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે મારા અસીલના લાભ માં જતા કરેલ છે. તેમ માનીને હમારા અસીલ મુદ્દત વિત્યેથી વેચાણ અવેજ ની રકમ ચુકવી વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને તે અંગે કોઈ ની તર-તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સરનામુઃ નાનીવેડ, કરાડા, વેડ રોડ, સુરત. ફોન નં :૯૭૧૪૮૪૦૦૦૪

**મેહુલ.આર.પટેલ** તે ખરીદનાર ના એડવોકેટ

## પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન

**ટેન્ડર આમંત્રણ નોટિસ**

**ઇલેક્ટ્રિકલ (પાવર) ડિપાર્ટમેન્ટ**

ટેન્ડર આમંત્રણ નોટિસ નં. EL/50/1/36 (23-24) Date: 12.02.2024 ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે,વડોદરા ડિવિઝન દ્વારા નીચે જણાવેલા કામો માટે અનુભવી અને વિશ્વસનીય કોન્ટ્રાક્ટર પાસેથી ઇન્ડિયન રેલવેની વેબસાઇટ www.ireps.gov.in પર ઇ-ટેન્ડર આમંત્રિત છે. **અ. નં. 1- ટેન્ડર નં.: BRC-EL-P-15-1119-2186-R4, કામનું નામ:** વડોદરા ડિવિઝન: જુદા જુદા સ્ટેશનો પર પ્લાન હેડ 51 અને 42 હેઠળના કાર્યો સાથે સંબંધિત ઇલેક્ટ્રિક કાર્ય. **અંદાજિત ખર્ચ:** ₹ 10023429.00/- **ઇએમડી:** ₹ 200100.00/- **ટેન્ડર ફી:** NIL, **ઇ-ટેન્ડર બંધ થવાની તારીખ:** 04/03/2024,**વેબસાઇટની વિગત:** www.ireps.gov.in 329

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ માંગરોલ સબ–ડીસ્ટ્રીકટના મોજે : પાલોદના રે.સ. નં. ૧૦૭, બ્લોક નં. ૧૧૯/અ થી નોંધાયેલી બીનખેતીની જમીનમાં આવેલ બ્લોકો પૈકીની બ્લોક નં. ડી વાળી ૧૯૪૧૨.૬૫ ચો.મી. બીનખેતીની જમીન તથા બ્લોક નં. ૧૧૯/ક થી નોંધાયેલી ૧૯૨૨ ચો.મી. બીનખેતીની જમીનમાં આવેલા બ્લોકો પૈકીની બ્લોક નં. ઈ વાળી ૮૦૦.૩૫ ચો.મી. મળી કુલ્લે ૨૦૨૧૩ ચો. મી. જમીનમાં આયોજીત **પેરેડાઈઝ પાર્ક** માંઆવેલ 'આઈ' ટાઈપનાં પ્લોટો પૈકી પ્લોટ નં. આઈ/૬૬ જેનું જમીનનું ક્ષેત્રફળ ૪૦.૧૫ ચો.મી. તથા માર્જીનની ૧૦.૦૩ ચો.મી. જમીન મળી કુલ્લે ૫૦.૧૮ ચો.મી. જમીન પર આવેલ બાંધકામ સહિતની પ્લોટવાળી મિલકત નાં માલિક, મુખત્યાર તથા કબજેદાર **રણછોડભાઈ દલાજી રબારી** રહે. રબારી વાસ, રામસીન, જાલોર, રાજસ્થાન–૩૦૭૮૦૩ નાએ તેમની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટા, વહીવટની હોવાનું જણાવી તથા સદરહુ મિલકત પર UNION BANK OF INDIA નો હોમ લોનનો બોજો ચાલી આવેલ છે. જે બોજા સહિત મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકતમાં UNION BANK OF INDIA ના હોમ લોનના બોજા સિવાય અન્ય કોઈ ત્રાહિત વ્યકિત, બેંક, સંસ્થા, શાહુકાર પેઢીનો લાગ–ભાગ, હકક, હિત, હિસ્સો, દર–દાવો હોય તો તેઓએ આ નોટીસ મળ્યે દિન–૭ માં મારા સરનામે પુરાવા સહિત લેખિતમાં જાણ કરવાની રહેશે તેમ ન થતા સદરહુ મિલકતમાં અન્ય કોઈપણ ત્રાહિત વ્યકિત, બેંક, સંસ્થા, શાહુકાર પેઢી, લાગ–ભાગ, હકક, હિત, હિસ્સો, દર–દાવો નથી અને હોય તો તે જતા કર્યા છે તેમ સમજી મારા અસીલ આ વ્યવહાર સંપૂર્ણ કરશે અને મારા અસીલ તમામ પ્રકારનાં કાયદેસરનાં લખાણો કરાવી લેશે. જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી. તા.૧૩/૦૨/૨૦૨૪

ઓફીસ : બી/જી–૩, કંકુઆશિષ એપાર્ટમેન્ટ, જમના નગર બસ સ્ટેન્ડ પાસે, ઘોડદોડ રોડ, સુરત. મો.નં. ૯૮૭૯૯–૦૬૬૬૫

**રોહન વી. ચૌહાણ** તે ખરીદનારના એડવોકેટ

## મોજે સરોણા, તા. જી. નવસારીની ખેડખાતાની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને હાલની આ વેચાણ અંગેની જાહેર નોટીસથી જણાવવાનું કે, **મોજેઃ સરોણા,** તા. જી. નવસારીના **બ્લોક/સર્વે નંબર-૮,** ક્ષેત્રફળ હે-આરે-ચો.મી. ૦-૮૧-૩૪ વાળી ખેડખાતાની જમીન પૈકી વણ-વહેંચાયેલ હિસ્સાની ક્ષેત્રફળ હે-આરે-ચો.મી. ૦-૪૦-૬૭ ખેડખાતાની જમીન (૧) અનિતાબેન તે તેજશકુમાર નાથુભાઈ નાયકની વિધવા તથા (૨) મન તેજસકુમાર નાયક, બંને રહે-૨૧, દેસાઈ ફળીયા, એથાણ, તા. જલાલપોર, જી-નવસારીનાઓની સંયુક્ત માલિકી કબજે હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ કરવા માંગતા હોય જેથી સદરહું વણવહેંચાયેલ હિસ્સાની ખેડખાતાની જમીન બાબતે કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે ઈસમોનો બોજો, બેંક લોન, કબજો-ભોગવટો, રસ્તાના હકક-હિત-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, હિત-સંબંધ કે તે મતલબનાં સાટાખત, બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી, ગીરો ખત વિગેરે પ્રકારનાં કોઈ લખાણો હોય તો તે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં રજુઆતો હમારા અસીલ તરફે અને વતી હમોને કરવી જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યે સદરહું વણવહેંચાયેલ હિસ્સાની ખેડખાતાની જમીનમાં કોઈનું કોઈપણ પ્રકારે બોજો, બેંક લોન, કબજો-ભોગવટો, કાયદેસરનાં હકક-હિત-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, હિત-સંબંધ, ઈઝમેન્ટ કે તે મતલબનાં સાટાખત, બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી, ગીરો ખત વિગેરે પ્રકારનાં કોઈ લખાણો નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કે ''વેઈવ'' કર્યા છે તેમ માની ઉપરોક્ત જણાવેલ કરી આપશે. અને તે અંગે ભવિષ્યમાં કોઈના કોઈપણ પ્રકારનાં વાંધા-હરકત હમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં. જેની સ્પષ્ટ કાયદેસરની નોંધ લેવા વિનંતી.

(અનિતાબેન તે તેજશકુમાર નાથુભાઈ નાયક ની વિધવા જાતે પોતે તથા મન તેજસકુમાર નાયક ના કુલમુખત્યાર)

તા. ૧૩-૦૨-૨૦૨૪

હમારા અસીલની સુચનાથી, **અજય આર. ગાંધી** (એડવોકેટ)

૧૧૦, શંખેશ્વર કોમ્પલેક્ષ, કલેકટર ઓફિસ સામે, કાલીયાવાડી, નવસારી. મો. ૯૮૨૫૦ ૯૯૦૮૬

## ટાઈટલ કલીયરન્સ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લો : સુરત, તાલુકો : મજુરા, **ગામ : ખજોદ, જુના સર્વે નં.૧૩૩, નવો બ્લોક/સર્વે નં.૨૧૧/અ/૧** થી નોંધાયેલ ખેતીની જમીન કે જેનું ગામ નમુના નં.૭/૧૨ મુજબ ક્ષેત્રફળ **૧૬,૮૬૩ સ.ચો.મી.** વાળી જમીન પૈકી વગર વહેંચાયેલ હિસ્સાની સુમારે **૨,૯૫૪.૬૨૫ સ.ચો.મી.** વાળી બીનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર ખેતીની જમીનના માલિક/કબજેદાર તરીકે **હેમાંશુભાઈ ચંપકભાઈ રાઠોડ,** ઉ.આ.વ. ૩૧, ધંધો : વેપાર, રહેવાસી : માહયાવંશી મહોલ્લો, રામજી મંદિર પાસે, બારડોલી, સુરતના ચાલી આવેલ છે. જે જમીનના માલિક/કબજેદાર કનેથી હમારા અસીલે સદર મિલ્કત ખરીદ કરવાનું નક્કી કર્યુ છે. તેમજ સદર જમીનના વેચાણ અવેજ પેટે કેટલીક રકમ હમારા અસીલે તેના ઉપરોક્ત જણાવેલ માલિક/કબજેદારને ચૂકવેલ છે અને ટુંક સમયમાં હમારા અસીલ સદર જમીનના વેચાણ અવેજ તરીકેની બાકી રહેતી રકમ તેઓને ચૂકતે ચૂકવી આપી પાકો વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેનાર છે. આમ છતાં ભવિષ્યમાં ખોટી તકરારને અવકાશ ન રહે એવા શુભ આશયથી આ જાહેર નોટીસથી તમામને તાકીદ કરવાની કે, સદર મિલ્કત ઉપર કોઈ વ્યક્તિ, પેઢી, સંસ્થા, સોસાયટી કે સરકારી, ખાનગી કે સહકારી બેંકનો કે અન્ય કોઈ ઈસમનો કાંઈપણ પ્રકારનો હક્ક-હીત, હીસ્સો, લાગ-ભાગ, દર-દાવો કે ઈઝમેન્ટના કે ખોરાકી-પોષાકીના હક્કો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તમામ દસ્તાવેજી આધાર પુરાવાઓ સહીત તેમના લેખિત વાંધાઓ હમો એડવોકેટશ્રીને નીચેના સરનામે પહોંચાડવા. જો નિયત સમય મર્યાદામાં કોઈના કોઈપણ પ્રકારના વાંધાઓ કે તર-તકરાર આવશે નહિં તો મુદત વિત્યે હમારા અસીલ સદર મિલ્કત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, ચાર્જ-બોજો, દાવો કે તર-તકરાર નથી અને હોય તો તે વેવ યાને જતા કર્યા છે એમ સમજી સદર મિલ્કતના બાકીની વેચાણ અવેજની રકમ તેના માલિક/કબજેદારોને ચૂકતે ચૂકવી આપી શુધ્ધબુધ્ધિપૂર્વકના મિલ્કત ખરીદનાર હોવાનું માની તેઓ કનેથી હમારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિં, જેની લાગતાં વળગતાં સૌએ નોંધ લેવી.

ઓ.૪૦૨, ચોથોમાળ,સુંદરમ પ્લસ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની સામે, અથ્થુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત. મો.૯૯૨૪૨ ૦૭૭૦૮, ૯૯૦૯૨ ૮૪૭૦૫

**સમીર જે.કાપડીયા**
**રિનેશ એમ.ખડાવાલા**
તે ખરીદનારના એડવોકેટસ્

મહેરબાન સુરતના ૫ માં એડીશ્નલ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં

ખાનગી ફોજદારી કેસ નંબર ૨૭૪૧૧/૨૦૨૦

ફરીયાદી : મનીષ પાંડુરંગ કપરટીવાર તે ગોદાવરી અર્બન મલ્ટી સ્ટેટ ક્રેડીટ કો- ઓપરેટીવ સોસાયટી લિમિટેડના બ્રાન્ચ મેનેજર

વકીલશ્રી શૈશવ કે. મોદી

વિરુધ્ધ

આરોપી : સુવર્ણા શૈલેષભાઈ પવાર

**વિષય :- નામદાર કોર્ટમાં હાજર રહેવા અંગે જાહેર સમન્સ/નોટીસ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ**

આથી અત્રેની અદાલતમાં ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ અન્વયે ફરીયાદ કરવામાં આવેલ છે કે, આ કામના આરોપી સુવર્ણા શૈલેષભાઈ પવાર રહેવાસી ધન વર્ષા સોસાયટી, ભૈયા નગરની પાસે, પુણા ગામ, સુરત-૩૯૫૦૧૦ નાઓએ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય જે અંગે ફરીયાદી મનીષ પાંડુરંગ કપરટીવાર તે ગોદાવરી અર્બન મલ્ટી સ્ટેટ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લિમિટેડના બ્રાન્ચ મેનેજરનાઓએ અત્રેની અદાલતમાં ખાનગી ફોજદારી કેસ નંબર ૨૭૪૧૧/૨૦૨૦ થી દાખલ કરેલ હોય, સદર કેસમાં આ કામના આરોપી સુવર્ણા શૈલેષભાઈ પવારને નામદાર કોર્ટમાં હાજર રહેવા અંગે સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ હોય પરંતુ આ કામના આરોપી સુવર્ણ શૈલેષભાઈ પવારનાઓ નામદાર કોર્ટમાં હાજર રહેલ નથી.

આથી જાહેર નોટીસ/સમન્સ કાઢી ફરમાવવામાં આવે છે કે, સદરહું આરોપી સુવર્ણા શૈલેષભાઈ પવાર રહેવાસી ધન વર્ષા સોસાયટી, ભૈયા નગરની પાસે, પુણા ગામ, સુરત-૩૯૫૦૧૦ નાઓએ નામદાર કોર્ટની અગામી મુદત તારીખ ૧૫/૦૨/૨૦૨૪ ના રોજની હોય, તારીખ ૧૫/૦૨/૨૦૨૪ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે મહેરબાન સુરતના ૫ માં એડીશ્નલ જયુડિશ્યિલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ ધી નેગોશીએબ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનો ગુનાની ફરીયાદ સંબંધમાં નામદાર કોર્ટમાં હાજર રહેવું, જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૧/૦૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સીકકો કરી આપ્યો.

| તૈયાર કરનાર | તપાસનાર | હુકમથી |
|---|---|---|
| સહી/- | સહી/- | સહી/- |
| (આર. જી. મેડવાણા) (આસીસટન્ટ) | (આઈ. ઓ. બીલખીયા) (બેંચ કલાર્ક ગ્રેડ-૩) | (રજીસ્ટ્રારશ્રી) |
| ૫ માં એડિશ્નલ સીવીલ જજ અને જયુડિ. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં | ૫ માં એડિશનલ સીવીલ જજ અને જયુડિ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં | સીવીલ કોર્ટમાં |

## મોજે ગામ કરાડવાના એન.એ. બ્લોક નં. ૮૮/અ થી નોંધાયેલી જમીન ઉપર ''સોન્દર્યા ગૃપ'' ધ્વારા આયોજન કરવામાં આવેલ ''દેવમ રેસીડેન્સી'' તથા મોજે કરાડવાના એન.એ.૮૮/બ થી નોંધાયેલી જમીન ઉપર આયોજન કરવામાં આવેલ ''બાલાજી પાર્ક રેસીડેન્સી'' તેમજ સણીયા કણદે અને દેલાડવાની જમીનો અંગે જાહેર ચેતવણી

આથી લાગતા વળગતા તમામને આ જાહેર ચેતવણીથી જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ મોજે ગામ કરાડવાના **એન.એ. બ્લોક નં.૮૮/અ તથા ૮૮/બ** થી નોંધાયેલી બીન ખેતીની જમીન તથા **સણીયા–કણદે નો બ્લોક નં.૯૩/અ/૧ તથા ૯૩/અ/૨** તેમજ દેલાડવા નો બ્લોક નં.૨૭૧, ૨૭૫ તેમજ સણીયા કણદેના પટેલ ફળિયામાં આવેલ ઘર નં.૮૬/૧ વાળી મીલકતો/ જમીનોમાં મર્હુમ નગીનભાઈ વિઠ્ઠલભાઈ પટેલના સીધી લીટીના વારસદારો તરીકે (૧) ગીતાબેન તે નગીનભાઈ વિઠ્ઠલભાઈ પટેલની પુત્રી અને કિશોરભાઈ હરીભાઈ પટેલની પત્નિ (૨) દક્ષાબેન નગીનભાઈ વિઠ્ઠલભાઈ પટેલની પુત્રી અને કિશોરભાઈ રતીલાલ પટેલની પત્નિ તથા (૩) હીનાબેન નગીનભાઈ વિઠ્ઠલભાઈ પટેલની પુત્રી અને મુકેશભાઈ ભીખુભાઈ પટેલની પત્નિનો કાયદેસરનો વણ વહેંચાયેલ હકક, હીસ્સો ચાલી આવેલ હોવાનું જણાવી તેઓનો કાયદેસરનો વણ વહેંચાયેલ હકક, હીસ્સો તેઓએ અમારા અસીલ **દિનેશભાઈ ઈશ્વરભાઈ રાયકા**ને કીંમતી અવેજ બદલ વેચાણ આપેલ છે અને અમારા અસીલના લાભમાં કાયદેસરના લખાણો પણ તેઓએ કરી આપેલા છે. જે લખાણોનું એકઝીકયુશન એડવોકેટ એન્ડ નોટરી રૂબરૂ કરવામાં આવેલ છે. એટલુંજ નહીં પરંતુ અમારા અસીલ દિનેશભાઈ ઈશ્વરભાઈ રાયકાએ સદરહુ જમીનોમાં મજકુર માલીકો વતી અને તેઓના કુલમુખત્યાર તરીકે મર્હુમ નાનુભાઈ વિઠ્ઠલભાઈ પટેલ વિગેરે વિરૂધ્ધ સુરતની સીવીલ કોર્ટમાં સ્પે.દી.મુ.નં.૨૪૨ સને ૨૦૧૩ થી દાખલ કરેલો છે. જેને ત્યારબાદ નવો નંબર રે.દી.મુ.નં.૮૮ સને ૨૦૧૫ આપવામાં આવેલ છે અને સદરહુ દાવાના કામે આંક–૫ થી દરમ્યાન મનાઈ અરજી પણ આપવામાંઆવેલ છે અને તેની ઉપર નામદાર કોર્ટે જે હુકમ કરેલ, તેની વિરૂધ્ધ સુરતની ડીસ્ટ્રીકટ કોર્ટમાં પરચુરણ દિવાની અપીલ (ઢીલ અરજી સહીત) પણ દાખલ કરવામાં આવેલ છે. જેની સુનાવણી હાલ પેન્ડીંગ છે. આમ, સદરહુ જમીનોમાં અમારા અસીલોનો હકક, હીસ્સો, હીત, સંબંધ, લાગભાગ ચાલી આવેલ છે અને જમીનોમાં સબ જયુડીશ મેટર પેન્ડીંગ છે. દરમ્યાનમાં જમીન માલીકોએ રેવન્યુ દફતરે ચાલતા તેઓના નામોના આધારે અન્ય ત્રાહીત વ્યકિતઓના મેળાપીપણામાં અમારા અસીલોના સદરહુ જમીનમાં ચાલી આવેલા કીમતી હકકો નષ્ટ કરવાના બદઈરાદે (૧) **મેસર્સ ગ્રીન એન્ટરપ્રાઈઝ, એક ભાગીદારી પેઢી,**જે પાર્ટનરશીપ એકટ હેઠળ નોંધાયેલી પેઢી છે જેનો રજી.નં. **GUJSR210352 (૨) દિપેશભાઈ રતીલાલ ધાનાણી તથા (૩) હર્ષ રઘુભાઈ હુંબલ** નાંઓને રજીસ્ટર્ડ દસ્તાવેજથી વેચાણ કરેલ હોવાનું તેમજ તેવા ખરીદનારાઓએ સદરહુ જમીનને બીનખેતીમાં તબદીલ કરાવી તેના ઉપર **"સૌન્દર્યા ગૃપ"** ના મેળાપીણામાં **"દેવમ રેસીડેન્સી"** ના નામથી રહેણાંકની સોસાયટી બનાવી, તેમાં પ્લોટો પાડી ત્રાહીત વ્યકિતને વેચાણથી તબદીલ કરવાની તજવીજ કરી રહેલ હોવાનું જાણવા મળતા અમારા અસીલોએ સદરહુ જમીન ખરીદનારાઓને હાલના દાવાના કામે પક્ષકાર તરીકે સામેલ કરવાની કાર્યવાહી હાથ ધરેલી છે. પરંતુ સદરહુ કાર્યવાહી દરમ્યાન એક ખીમજીભાઈ એમ રાખોલીયાએ સુરત શહેરની બે પ્રતિષ્ઠીત વ્યકિતઓની મધ્યસ્થીમાં અમારા અસીલ સાથે તા.૧૦.૮.૨૦૨૩ના રોજ ઉપરોકત જમીન ૮૮/અ પુરતુ સમાધાનની વાતચીત થયેલ તે સમાધાનમાં કોઈ નાણાકીય વ્યવહાર થયેલ નથી. અને મજકુર સમાધાન અંગેની **ખીમજીભાઈ એમ. રાખોલીયા** નાંઓ સાથે થયેલ વાતચીત પડી ભાંગેલ છે. તેમજ પ્રતિષ્ઠીત વ્યકિતઓ તરફથી પણ સકારાત્મક જવાબ નહીં આવતા સદરહુ સમાધાન જે તે સમયે જ રદ થયેલ છે. પરંતુ અમારા અસીલને હાલમાં જાણવા મળેલ છે કે, મજકુર **ખીમજીભાઈ એમ. રાખોલીયા** નાઓ અમારા અસીલ સાથે કરેલ સમાધાનના લખાણનો દુરૂઉપયોગ કરી રૂપિયાની લેતી દેતી અંગે ખોટી વાતો જણાવી અને શહેરની નિર્દોષ અને ભોળી જનતાને ગુમરાહ અને ગેરમાર્ગે દોરી ઉપર જણાવેલ પ્રોજેકટો બાબતે સમાધાન થઈ ગયેલ હોવાની ખોટી અફવા ફેલાવી નિર્દોષ અને ભોળી જનતાને મીલકત ખરીદ કરવા લલચાવી ગેરમાર્ગ દોરી રહયા છે અને તેમ કરવાનો તેઓને કાયદેસર રીતે કોઈ હકક કે અધિકાર પહોંચતો નથી. જેથી આ જાહેર ચેતવણી આપી જણાવવાનુ કે, સદરહુ જમીનમાં અમારા અસીલોના કીંમતી હકકો ચાલી આવેલા છે. **અમારા અસીલોનો મજકુર વ્યકિતઓ સાથે કે સદર જમીન બાબતે કોઈ સમાધાન થયેલ નથી, જે તે સમયે સદર સમાધાન રદ્દ થયેલ છે, માટે, સદરહુ "દેવમ રેસીડેન્સી"** માંકોઈ વ્યકિતએ અમારા અસીલોની પરવાનગી વિના કે સંમતી વિના કોઈપણ પ્લોટો કે ખુલ્લી જમીન ખરીદ કરવી નહીં અને આ જાહેર ચેતવણી છતાં સદરહુ પ્લોટો કે ખુલ્લી જમીન કોઈપણ વ્યકિતએ અમારા અસીલની સંમતી વિના ખરીદ કરશે તો તેઓને તકરારો સિવાય કાંઈ પ્રાપ્ત થશે નહીં અને કોર્ટ પ્રકરણોમાં ઉતરવું પડશે જેની આથી તમામે ગંભીર નોંધ લેવી.

તા.૧૪–૦૨–૨૦૨૪ ઓફિસ નં. : ૫૦૩–૫૦૪, લીબર્ટી ચેમ્બર્સ, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત. મો. ૯૮૨૫૫ – ૧૯૮૫૫

**ફુમાર એલ. રામનાણી** તે રે.દી.મુ.નં.૮૮/૨૦૧૫ વાદીઓના એડવોકેટ

## જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામ તથા જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ડિસ્ટ્રીકટ નવસારીના સબ ડિસ્ટ્રીકટ જલાલપોરના મોજે ગામ **માંગરોળ** ખાતે આવેલ **બ્લોક/સર્વે નં.૫૬ જેનો રી-સર્વે બ્લોક નં.૬૭** વાળી બિનખેતીની જમીન જેનું કુલ ક્ષેત્રફળ ૧૬૨૭૧.૦૦ ચો.મીટર છે, જે મિલકત નવસારી સીટી સર્વે રેકર્ડ **દફતરે શીટ નંબર NA99 સીટ સર્વે નંબર-NA67** થી નોંધાયેલ છે. જે જમીન ફાતેમા તાહેરભાઈ બુરહાની અને તાહેરભાઈ અસગરભાઈ બુરહાનીનાઓના નામે ચાલી આવેલ છે. જેઓએ સદરહું જમીન-મિલકત હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે, જેથી સદર જમીન-મિલકત ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો, હિત-સંબંધ, ઈઝમેન્ટ કે અન્ય પ્રકારના હકક, લેણું, ક્લેઈમ હોય તો તેમણે આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં હમોને લેખિતમાં પુરાવા સહિત જાણ કરવી, મુદત વીત્યે કોઈના કોઈપણ પ્રકારના હકકો નથી અને હોય તે છોડી દીધા છે તેમ ગણી હમારા અસીલ પોતાની તરફણમાં પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની પણ તર-તકરાર કે વાંધો-વિરોધ, હરકત-અટકાયત ગ્રાહ્ય ગણાશે નહીં. જેની જાહેર જનતાએ આથી નોંધ લેવી.

તા. ૧૩-૨-૨૦૨૪ અસીલ મજકુરની સૂચના અને ફરમાઈશ અન્વયે, **સંજય એમ. ભંડેરી** (એડવોકેટ)

રહે. સ્મૃતિકુંજ સોસાયટી, જલાલપોર રોડ, નવસારી, તા. જી. નવસારી. મોઃ 8980817464

## રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા : અડાજણના, ગામ મોજે : અડાજણ ના રે.સર્વે નંબર : ૧૨૬/૨, ટી.પી.સ્કીમ નં.૩૨ (અડાજણ), એફ.પી.નં. ૬૭ (જુનો એફ.પી.નં.૭૭) વાળી મીલકત ઉપર આયોજીત ''ગ્રીન પ્લાઝા'' માં આવેલ દુકાન નં.૧૦૧, દુકાન નં. ૧૦૨, દુકાન નં.૧, દુકાન નં.૨ તથા રે.સ.નં...., ટી.પી. સ્કીમ નં. ૧૨ (અડાજણ), એફ.પી. નં. ૭૯ વાળી મીલકત ઉપર આયોજીત ''એસ્કોન પ્લાઝા'' માં આવેલ ફલેટ નં. બી/૩૦૬ વાળી મીલકતનો પાવર ઓફ એર્ટોની રદ કર્યા અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતાઓને જણાવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા : અડાજણના, ગામ મોજે : અડાજણ ના રે.**સર્વે નંબર. ૧૨૬/૨,** ટી.પી.સ્કીમ નં.૩૨(અડાજણ), એફ.પી. નં.૬૭ (જુનો એફ.પી.નં.૭૭) વાળી મીલકત ઉપર આયોજીત **"ગ્રીન પ્લાઝા"** માં આવેલ **(૧) દુકાન નં.૧૦૧,** જેનુ સુપર બીલ્ટઅપ એરીયા મુજબનું ક્ષેત્રફળ ૩૮૭.૦૦ ચો.ફુટ યાને ૩૫.૯૫ ચો.મી. અને કોમન એરીયામાં ફાળે પડતુ ૯.૯૦ ચો.મી. વાળી મીલકત, તથા **(૨) દુકાન નં.૧૦૨,** જેનુ સુપર બીલ્ટઅપ એરીયા મુજબનું ક્ષેત્રફળ ૩૮૭.૦૦ ચો.ફુટ યાને ૩૫.૯૫ ચો.મી. અને કોમન એરીયામાં ફાળે પડતુ ૯.૯૦ ચો.મી. વાળી મીલકત, તથા **(૩) દુકાન નં.૧,** જેનુ સુપર બીલ્ટઅપ એરીયા મુજબનું ક્ષેત્રફળ ૩૭૭.૦૦ ચો.ફુટ યાને ૩૫.૦૨ ચો.મી. અને કોમન એરીયામાં ફાળે પડતુ ૯.૬૫ ચો.મી. વાળી મીલકત તથા **(૪) દુકાન નં.૨,** જેનુ સુપર બીલ્ટઅપ એરીયા મુજબનું ક્ષેત્રફળ ૩૮૮.૦૦ ચો.ફુટ યાને ૩૬.૦૪ ચો.મી. અને કોમન એરીયામાં ફાળે પડતુ ૯.૯૩ ચો.મી. વાળી મીલકત તથા (૫) રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા : અડાજણના, ગામ મોજે : અડાજણ ના **રે.સ.નં.૧૨૬/૨,, ટી.પી.સ્કીમ નં.૧૨(અડાજણ), એફ.પી. નં.૭૯, વાળી મીલકત ઉપર આયોજીત "એસ્કોન પ્લાઝા" આવેલ ફલેટ નં.બી/૩૦૬,** જેનુ સુરત મહાનગર પાલીકાના રેકર્ડ મુજબ કારપેટ એરીયા મુજબનું ક્ષેત્રફળ ૮૨.૬૮ ચો.મી. **(બીલ્ટઅપ એરીયા મુજબનું ક્ષેત્રફળ ૯૯.૨૦ ચો.મી.)** વાળી મીલકતો હમારી માલીકીની ચાલી આવેલ છે, અને તે મીલકત અંગે હમોએ તા.૪/૧૧/૨૦૨૩ નાં રોજ અમારા માતૃશ્રી એવા **જયશ્રીબેન ખુશાલદાસ અંબાણી** ને પાવર ઓફ એર્ટોનીના આધારે હમારા પાવરદાર તરીકેની નીમણુંક કરેલ હતી, જે પાવર ઓફ એર્ટોનીનો લેખ તા.૨૨/૧૨/૨૦૨૩ નાં રોજ પુરેપુરો પાવર હમોએ રદ કરેલ છે, અને જે પાવર ઓફ એર્ટોનીનાં આધારે હવે પછીથી કોઈપણ પ્રકારના વેચાણ દસ્તાવેજ, સાટાખત, કબજા રસીદ વિગેરે લખાણો કોઈએ કરવા–કરાવવા નહી અને જો કરવા–કરાવવામાં આવે તો તેની સામે અમારા અસીલ કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરશે તેવી આથી આ જાહેર નોટીશ થકી જાહેર જનતાને જાણ કરીએ છીએ.

ઓફિસ : ૩૧૪, લક્ષ્મી એન્કલેવ-૧, ગજેરા સ્કુલ પાસે, કતારગામ, સુરત – ૩૯૫ ૦૦૪. મો. ૯૯૭૯૯૯૦૯૧૦, ૮૮૬૬૨૪૯૩૦૩

**ચેતન એલ. સુતરીયા** એડવોકેટ (સુચના અને ફરમાઈશથી)

## મિલકતના ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટના, ચોર્યાસી સબ ડિસ્ટ્રીકટ શહેર સુરતના મોજે આંજણાના રેવન્યુ સર્વે નં. ૨૨/૧૧ પૈકી થી નોંધાયેલી અને હવે ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૭ (આંજણા) ના ફાયનલ પ્લોટ નં. ૧૫૦ થી નોંધાયેલ જમીનમાં શહેરી જમીન ટોચ મર્યાદા અને નિયમન ધારા ૧૯૭૬ ની કલમ ૨૧ (૧) અન્વયે આયોજીત ''ઉષાનગર ગૃપ હાઉસીંગ સ્કીમ'' માં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૨૯ વાળી મિલકત જેના પ્લોટનું ક્ષેત્રફળ પહોળાઈ ૧૪ ફુટ બાય ૪૫ ફુટ લંબાઈ યાને જેનું ક્ષેત્રફળ ૭૦ ચો. વાર યાને ૫૮.૫૨ ચો.મી. પ્લોટવાળી જમીન અને તેના ઉપરના અમલા ઈમારત સહિતના બાંધકામવાળી મિલકત તેને લાગતા વળગતા અંદરના તથા બહારના હરકોઈ હકક સહિત દરોબસ્ત મિલકત મારા અસીલ પદમીનીબેન નટવરભાઈ જરીવાલાએ તા. ૨૮/૧૨/૨૦૧૫ ના રોજ કબજા રસીદ ની રૂએ કિમતી અવેજ બદલ ખરીદ કરેલ. ત્યારથી મજકુર મિલકત મારા અસીલની માલિકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટા અને વહીવટ હેઠળ ચાલી આવેલ છે. સદરહું મિલકતના મુળ જમીન માલિક દિવાળીબેન તે ભંગડભાઈ નાથુભાઈ આહીરની છોકરી વિગેરેનાઓએ યુ.એલ.સી. કાયદાની કલમ ૨૧ (૧) હેઠળ હાઉસીંગ સ્કીમમાં સભાસદ તરીકે જયંતિલાલ શાંતિલાલ લાકડાવાલા ને ફાળવી આપેલ અને તેઓએ કબજા સહિતના કરારથી જયશ્રીબેન અશોકભાઈ રાણાને વેચાણ આપેલ અને ત્યારબાદ મારા અસીલે સદરહું મિલકત વેચાણ રાખેલ છે અને તેના તમામ ટાઈટલ ચોખ્ખે ચોખ્ખા અને સંપુર્ણ કલીયર તથા માર્કેટેબલ હોવાનું જણાવી તથા તેમા કોઈપણ શખ્સ, પેઢી, સંસ્થા, મંડળી, બેંક કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો, હકક, હિત, હિસ્સો, દરદાવો, બોજો, લાગભાગ, લીયન ન હોવાનું અને સદરહું મિલકત અંગે અન્ય કોઈ લખાણો, સોદાચીઠ્ઠી, સાટાખત વિગેરે કરેલ નથી તથા કોઈની ખોરાકી પોષાકી વિગેરેનો હકક ન હોવાનું જણાવી હમારી પાસે મિલકતના ટાઈટલની માંગણી કરેલ છે. જેથી સદરહું મિલકતમાં જો કોઈ શખ્સ, પેઢી, મંડળી, બેંક કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો, હકક, હિત, હિસ્સો, દર–દાવો, લાગ–ભાગ કે સહમાલિકી હકક, વારસાઈ હકક કે અન્ય કોઈપણ પ્રકારનાં હકકો સમાયેલ હોય કે કોઈ લખાણો વિગેરે થયેલ હોય તો તે અંગેના પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં હમોને લેખીતમાં હમારા નીચે જણાવેલા સરનામે જાણ કરવી તથા તેવા લેખીત આધાર પુરાવા અસલ બતાવી સર્ટીફાઈડ નકલ આપવી અન્યથા મુદત વિત્યાબાદ સદર મિલકતમાં કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સા, દરદાવા, બોજો, લાગ–ભાગ, લીયન વિગેરે કોઈપણ પ્રકારના હકક, હિત નથી કે કોઈપણ પ્રકારના લખાણો વિગેરે થયેલ નથી અને કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત હોય તો તે શુધ્ધબુધ્ધિ પુર્વક જતા યાને વેવ કરેલ છે તેવું માનીને મારા અસીલના સદરહું મિલકત પરત્વેના ટાઈટલ સંપુર્ણ કલિયર અને માર્કેટેબલ હોવાનું સમજી ટાઈટલ સર્ટીફીકેટ લખી આપવામાં આવશે અને ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા, તકરાર કે દરદાવો ચાલશે નહીં. જેની આથી તમામ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

મારી સુચના ફરમાઈશ અને જણાવેલ હકીકત મુજબ

સહી/- પદ્મીની નટવરલાલ જરીવાલા

હમારા થ્રુ, **એલ.સી.જોશી એડવોકેટસ એસોસીએટ તરફે**

**અશોક એસ. રાણા (એડવોકેટ)**

ઓફીસ :– ૧/૩૫૦, પોપટ મોહલ્લો, નાનપુરા પોલીસ ચોકી પાસે, નાનપુરા, સુરત. મો. ૯૮૨૫૯ ૮૪૦૪૪

## જાહેર નોટીસ પરત ખેંચવા બાબત જાહેર જનતા જોગ

હમો આ જાહેર જનતા જોગ પ્રસિધ્ધિ કરાવનારે મોજેઃ જલાલપોર, તા. નવસારી શહેર, જી. નવસારી મુકામે આવેલ ખાતા નં. ૧૦૫૧, બ્લોક/સર્વે નં. ૪૧૫/૨ (જુનો) ૧૨૧૩ (નવો) વાળી ૦-૨૨-૨૬, ક્ષેત્રફળ આકાર રૂા. ૧.૯૦ પૈસા તથા બ્લોક/સર્વે નં. ૪૧૫/૩ (જુનો) ૧૨૧૪ (નવો) વાળી ૦-૬૫-૮૩ ક્ષેત્રફળ, આકાર રૂા. ૬.૬૦ પૈસા વાળી ખેતીની જુની શરતની જમીન પ્રફુલભાઈ નરોત્તમભાઈ ભગત, પુષ્પાબેન તે પ્રફુલભાઈ નરોત્તમભાઈ ભગતની પત્ની, જય પ્રફુલભાઈ ભગતનાઓની સંયુક્ત માલિકી, કબ્જા, ભોગવટા વાળી મિલકત અંગે ખરીદ કરવાના ઈરાદા સહિતની એક જાહેર નોટીસ તા. ૧૩-૦૬-૨૦૨૩ ના રોજના ગુજરાત મિત્ર તથા ગુજરાત દર્પણ દૈનિક સમાચાર પત્રના મુખ્ય આવૃત્તિના પાના નં. ૨ ઉપર અમારા એડવોકેટશ્રી જયેશ એસ. નાયક/ધ્રુવ જે. નાયક મારફતે એક જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ હતી જે જાહેર નોટીસ અંગે જાહેર જનતા જોગ જણાવવાનું કે, હમો પ્રસિધ્ધ કરાવનાર જાતે પોતે એ વેચાણ વ્યવહારમાંથી ખસી જતા હોય અને સદરહું મિલકત અંગે હમોને કોઈ હકક, હિત કે અધિકાર હતો નહીં અને રાખ્યો નથી અને તા. ૧૩-૬-૨૦૨૩ ના રોજ ની જાહેર નોટીસ હમો પરત ખેંચીએ છીએ અને સદરહું મિલકતના મૂળ માલિકો સાથે અન્ય કોઈ વ્યક્તિ યા સંસ્થા સદરહું મિલકત અંગે કોઈપણ વ્યવહાર કરે-કરાવે તો તેમાં હમોને કોઈ વાંધો-વિરોધ કે તર-તકરાર રહેશે નહીં. જે જાહેર જનતા જોગ જાહેર કરીએ છીએ.

જાહેર જનતા જોગ પ્રસિધ્ધ કરાવનાર

તા. ૧૩-૦૨-૨૦૨૪

**જયેશ એચ. કાપડીઆ** (એડવોકેટ)

૧૦૩, સિંધુ શોપીંગ સેન્ટર, શંખેશ્વર સોસાયટી પાસે, જુનાથાણા, નવસારી. મો. ૯૮૨૫૫ ૫૦૧૭૦

## :: ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ સુરત સીટી, **મોજે કરંજ**ના શહેર સુરતના લંબે હનુમાન રોડ ઉપર આવેલ રેવન્યુ સર્વે નં. ૧૧ પૈકી થી નોંધાયેલી જમીનમાં આયોજીત **|| શ્રી દિવાળી કો.ઓ.હા.સોસાયટી લી. ||** (કે જે ગુજરાત સહકારી મંડળીના કાયદા અન્વયે રજીસ્ટર થયેલ સોસાયટી છે. જેનો રજીસ્ટ્રેશન નં. ઘ-૨૧૭૩, તા. ૨૫/૧૧/૧૯૭૧ છે.) દ્વારા આયોજીત બંગલા ટાઈપ સોસાયટીમાં આવેલ **પ્લોટ નં. ૮૫** થી નોંધાયેલી બાંધકામ વાળી મિલકત જેનું ક્ષેત્રફળ સુમારે ૧૨ ચો.ફુટ × ૪૫ ચો.ફુટ યાને ૫૪૦.૦૦ ચો.ફુટ છે. તે મિલકતના માલિક તરીકે અમોના અસીલ **કિરણભાઈ ગોવિંદભાઈ વાનાણી** ના નામે ચાલી આવેલ હોય. પરંતુ તેઓના સદરહું મીલકતની અસલ કબ્જા રસીદ તથા શેર સર્ટીફીકેટ પૈકી નીચે જણાવેલ કબ્જા રસીદ તથા શેર સર્ટીફીકેટ તેમના ભોગવટામાંથી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે. તેની જાણ માટે તથા મિલકત વેચાણ બાબતે કોઇને કોઇપણ જાતનો વાંધો, ચાર્જ, બોજો કે લિયન હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૭ માં પુરાવા સહિત લેખિતમાં નીચે જણાવેલ સરનામે જાણ કરવી. મુદત વિત્યેથી કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહીં અને જો તેમ કરવામાં આવશે તો તે આ નોટિસથી રદબાતલ ગણાશે. જે અંગેની ખાસ નોંધ લેવી.

**ગુમ થયેલ અસલ કબ્જા રસીદ તથા શેર સર્ટીફીકેટની વિગત :** (૧) વેચનાર : જાદવભાઈ રવજીભાઈ તથા ખરીદનાર : લક્ષ્મીબેન વલ્લભભાઈ પટેલનાઓને ઉપરોકત વિગતે વર્ણન વાળી મિલકતના વેચાણની કબ્જા રસીદ (૨) વેચનાર : લક્ષ્મીબેન વલ્લભભાઈ પટેલ તથા ખરીદનાર : અરજણભઈ કુરજીભાઈ ગોધાણીનાઓને ઉપરોકત વિગતે વર્ણન વાળી મિલકતના વેચાણની કબ્જા રસીદ (૩) અરજણભાઈ કુરજીભાઈ ગોધાણી નાઓને પ્રાથમિક સભાસદની રૂએ શેર એલોટ કરેલ જે કુલ શેર નંગ : ૦૫, નંબર : ૪૨૧ થી ૪૨૫ થી ફાળવેલ તે શેર સર્ટીફીકેટ. (સ્થળ : સુરત, તા. ૧૪/૦૨/૨૦૨૪)

૩૦૨, પ્લોટ નં. ૦૨, હંસ સોસાયટી, ક્રિષ્ના વોચ એન્ડ કં. ની ઉપર, વરાછા મેઈનરોડ, વરાછા, સુરત. મો. ૯૮૨૫૧ ૯૮૯૪૮

**દિક્ષીત એ. મીરોલીયા** એડવોકેટ

## સીટી સર્વે વોર્ડ નં.૨, નોંધ નં.૯૬૯ થી નોંધાયેલી મિલકત અંગે તા. ૦૪/૦૨/૨૦૨૪ ના રોજ પ્રસિદ્ધ થયેલ જાહેર ચેતવણી અંગે જાહેર ખુલાસો

સુરત ડીસ્ટ્રીકટ, રજીસ્ટ્રેશન સબ–ડીસ્ટ્રીકટ શહેર સુરતના સીટી સર્વે વોર્ડ નં.૨, નોંધ નં.૯૬૯ થી નોંધાયેલ મિલકત કે જેનું સુમારે ક્ષેત્રફળ ૭૭.૭૬ સ.ચો.મી. થાય છે તે મિલકત અંગે હમો વિરૂબેન (વિરમતીબેન) તે પરભુભાઈ લાલાભાઈની દિકરી અને હસમુખલાલ મગનલાલ ચૌહાણની ધણીયાણીએ હમારા એડવોકેટશ્રી મારફત તા.૦૪/૦૨/૨૦૨૪ ના રોજ જાહેર ચેતવણી અપાવેલ જે સંદર્ભે હમોએ સમાજના મધ્યસ્થીઓની હાજરીમાં કરેલ સમાધાનના અમલ સ્વરૂપે જાહેર હિતમાં જાહેર ખુલાસો આપી જણાવીએ છીએ કે,

સદરહુ મિલકતમાં હમોએ માણેકબેન તે પરભુભાઈ લાલાભાઈની વિધવાનો ચાલી આવેલ વણવહેંચાયેલ ૧/૫ હક્ક, હિત, હિસ્સો મર્હુમના વીલ યાને વસિયતનામાની રૂએ કલેઈમ કરેલ. જે વિગતની તકરાર ઉપસ્થિત કરી હમોએ ઉપરોકત જણાવ્યા મુજબ દૈનિક વર્તમાનપત્રમાં જાહેર ચેતવણી અપાવેલ. પરંતુ ત્યારબાદ હમોએ હમારા સગા ભાઈઓ નામે (૧) ઠાકોરભાઈ પરભુભાઈ, (૨) શાંતિલાલ પરભુભાઈ, (૩) ધનસુખલાલ પરભુભાઈ તથા (૪) કિરીટકુમાર પરભુભાઈ સાથે સમાજના મધ્યસ્થીઓની હાજરીમાં તમામ તકરારો માંડી વાળી શુદ્ધબુદ્ધિપુર્વક સમાધાન કરી દીધેલ છે. સદરહુ મિલકત પરત્વે હમારો જે કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો લાગતો હતો તે અંગે હમારા સગા ભાઈઓએ જે કાંઈપણ આપવાનું હતું તે હમોને આપી દીધેલ છે અને સદર મિલકત અંગે હમોએ પણ તેવી તમામ તકરારો માંડી વાળી સમાધાનના અમલ સ્વરૂપે સદરહુ મિલકતના ખરીદનારાઓ (૧) મયુરભાઈ ચંપકભાઈ મિસ્ત્રી તથા (૨) દર્શનકુમાર ચંપકભાઈ મિસ્ત્રીને વેચાણ કરે તો તેમાં હમારી સ્પષ્ટ સંમતિ અને કબુલાત છે અને જે અંગે ભવિષ્યમાં જે કોઈપણ પ્રકારના લખાણો, દસ્તાવેજો, કરારો ઈત્યાદી કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે તે તમામ હમોએ આથી જે તે ખરીદનારાઓના લાભમાં કરી આપવાના રહેશે. ટુંકમાં સદરહુ મિલકત અંગે હમારા સગા ભાઈઓએ કરેલ વેચાણના વ્યવહારને હમો આથી કબુલ, મંજુર રાખીએ છીએ.

સબબ, આ જાહેર ખુલાસો આપી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે, હમોએ સદરહુ મિલકત અંગે તા. ૦૪/૦૨/૨૦૨૪ ના રોજ અપાવેલ જાહેર ચેતવણી પરત ખેંચી લઈ સદર ચેતવણીમાં ઉપસ્થિત કરેલ તમામ તકરારો માંડી વાળી હમારા સગા ભાઈઓ સાથે સમાધાન કરી લીધેલ છે. વધુમાં હમારી બહેન નામે સુશીલાબેનને પણ સદર મિલકત સંદર્ભે જે સમાધાન થયેલ તે હકીકતની જાણ કરેલ છે અને તેઓ પણ તે બાબતે પોતાની સંમતિ આપેલ છે. આમ, સમાધાનના અમલ સ્વરૂપે હમારા સગા ભાઈઓએ સદરહુ મિલકત જે ખરીદનારાઓને વેચાણ આપવા નક્કી કરેલ છે તેને આથી હમો સ્પષ્ટ સંમતિ આપીએ છીએ. જે બાબતે ભવિષ્યમાં હમોએ યા હમારા વંશ, વાલી, વારસોએ કોઈ તર–તકરાર કે દર–દાવો ઉપસ્થિત કરવા–કરાવવાનો નથી અને જો કરીએ તો તે આથી રદબાતલ થાય સહી. જેની આથી લાગતા વળગતા તથા જાહેર જનતાએ નોંધ લેવી.

V.H. Chauhan — વિરૂબેન (વિરમતીબેન) તે પરભુભાઈ લાલાભાઈની દિકરી અને હસમુખલાલ મગનલાલ ચૌહાણની ધણીયાણી

તારીખ : ૧૪/૦૨/૨૦૨૪ ઓફીસ : ૨૦૧, શિવમ કોમ્પ્લેક્ષ, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત–૩૯૫૦૦૧ (મો.નં. ૯૮૭૯૫ ૦૦૦૨૯)

મારી મારફતઃ **ચિરાગ એ. ગજીવાલા** (એડવોકેટ)